**પ્લાસ્ટિક (PET) બોટલોના કલેક્શન સાથે સંકળાયેલ લોકો (રેગ-પીકર્સ એટલે સ્વચ્છબંધુ) માટે "પર્યાવરણ જાળવણીથી સમૃદ્ધિ યોજના" વર્ષ ૨૦૧૮-૨૦૨૦**

**ગુજરાત સરકાર**
**વન અને પર્યાવરણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક- ઇએનવી/૧૦૨૦૧૮/૯૭૮/ઇ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૧૮/૦૭/૨૦૧૮**

<u>વંચાણે લીધેલ</u>

(૧) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો ફાઇલ ક્રમાંક: જીપીસીબી/આર.પી.-જનરલ-૩૦, તા.૨૮/૦૫/૨૦૧૮.

(૨) વન અને પર્યાવરણ વિભાગના તા.૧૭/૦૭/૨૦૧૮ નો સમાનાંકી ઠરાવ.

**<u>પ્રસ્તાવના:</u>**

આ વિભાગના ઉપર ક્રમાંક (૨) થી વંચાણે લીધેલ તા.૧૭/૦૭/૨૦૧૮ નો સમાનાંકી ઠરાવ આથી રદ કરવામાં આવે છે અને નીચે મુજબનો સુધારા ઠરાવ બહાર પાડવામાં આવે છે.

પ્લાસ્ટિક વેસ્ટના નિયમન અર્થે પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ હેઠળ કેન્દ્ર સરકારે ઘડેલ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ અમલમાં છે. આ નિયમો અંતર્ગત પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટના વિવિધ સ્ટેકહોલ્ડર્સ, જેવા કે, ઉત્પાદકો, બ્રાન્ડ ઓનર્સ, આયાતકારો વગેરેની સાથે રાજ્ય સરકારના વિવિધ વિભાગો તથા સ્થાનિક સત્તામંડળોની પ્લાસ્ટિક પ્રદૂષણ નિયંત્રણ માટે જવાબદારી નક્કી કરવામાં આવેલ છે.

પ્લાસ્ટિક વેસ્ટના રિસાયકલીંગ માટે પ્લાસ્ટિક વેસ્ટનું કલેક્શન થવું ખૂબ જ જરૂરી છે. રાજ્યમાં પ્લાસ્ટિક વેસ્ટનું કલેક્શન વધે, પરિણામે રિસાયકલીંગ વધે અને તેથી કુદરતી સંશાધનોનો વપરાશ ઘટે, તથા સાથે સાથે પ્લાસ્ટિકનું પ્રદૂષણ ઘટે તે જરૂરી છે. આ પ્લાસ્ટિક વેસ્ટના ક્લેક્શનની પ્રક્રિયા સાથે સમાજના આર્થિક રીતે નબળા લોકો, ખાસ કરીને રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ), જોડાયેલા છે.

પ્લાસ્ટિક વેસ્ટના કલેક્શનથી રિસાયકલીંગ સુધીની પ્રક્રિયામાં રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) ની ભૂમિકા પ્રદૂષણ નિયંત્રણમાં ખૂબ જ મહત્વની છે. આ કામગીરીમાં રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ)

નો વર્ગ સૌથી પાયાનો અને આર્થિક રીતે સૌથી જરૂરિયાતમંદ વર્ગ છે. રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) ને પ્લાસ્ટિક વેસ્ટના કલેક્શનથી મળતા વળતરમાં કઇ રીતે વધારો થઇ શકે, અને આ ક્ષેત્રમાં રોજગારની તકો કેવી રીતે વધારી શકાય, તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે પ્રથમ તબક્કામાં PET બોટલ્સના કલેક્શન માટે રેગ-પીકર્સને વધુ વળતર મળે તે માટેની યોજનાનો અમલ કરવાનું સરકારશ્રીએ નક્કી કરેલ છે.

**<u>સુધારા ઠરાવ:</u>**

આથી પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટે તથા આર્થિક રીતે સૌથી જરૂરીયાતમંદ એવા પ્લાસ્ટિક વેસ્ટ વીણવાનું કાર્ય કરતાં શ્રમિકો (રેગ-પીકર્સ એટલે સ્વચ્છબંધુ) ને મળતા વળતરમાં વધારો થાય તે હેતુથી **"પર્યાવરણ જાળવણીથી સમૃદ્ધિ યોજના"** પ્રયોગાત્મક ધોરણે તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવે છે. જે ત્યારબાદ યોજનાની અસરકારકતાના મૂલ્યાંકન પછી વધુ સમય માટે લંબાવી શકાશે.

**<u>યોજના</u>**

(૧) યોજનાનું નામ **"પર્યાવરણ જાળવણીથી સમૃદ્ધિ યોજના"** રહેશે.

(૨) યોજના પ્રથમ તબક્કામાં તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

(૩) યોજના હેઠળ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા PET બોટલ્સ કલેક્શન એન્ડ રિસાયકલીંગ એજન્સી (જેનો હવે પછી એજન્સી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ટેન્ડર પ્રક્રિયાથી પસંદ કરીને નિમણૂંક કરવામાં આવશે. આ માટેની સરળ અને પારદર્શક ટેન્ડર પદ્ધતિ તેમજ ટેન્ડરની શરતો, બીડર્સની લાયકાત વગેરે જેવી બાબતો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નક્કી કરવાની રહેશે.

(૪) એજન્સી દ્વારા PET બોટલ્સ (ઠંડા પીણા, પીવાના પાણી વગેરેની બોટલ્સ) ના એકત્રીકરણ માટે રાજ્યમાં વિવિધ સ્થળે ઓછામાં ઓછા એક હજાર (૧૦૦૦) જેટલાં રિવર્સ વેન્ડીંગ મશીન (RVM) સ્વખર્ચે મૂકવાના રહેશે. એજન્સીએ મશીન મૂકવા માટેની જગ્યાની સંપૂર્ણ વ્યવસ્થા જાતે કરવાની રહેશે, જેમ કે સ્થાનિક સ્વરાજની સંસ્થા (મહાનગરપાલિકા, નગરપાલિકા વગેરે) પાસેથી જગ્યા/પરવાનગી લેવી, વીજ કંપની પાસેથી વીજળીનું કનેક્શન મેળવવું વગેરે. આ માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સદરહું કચેરીને જરૂરી ભલામણ કરી શકાશે.

(૫) રિવર્સ વેન્ડિંગ મશીન (RVM)માં રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) દ્વારા જમા કરાવવામાં આવતી PET બોટલ્સના લઘુત્તમ દર (Base Price) ટેન્ડરમાં ૫૦૦ મી.લી. અને તેથી વધું સાઇઝની બોટલ માટે રૂા.૧/- પ્રતિ બોટલ અને ૫૦૦ મી.લી. થી ઓછી સાઇઝની બોટલ માટે રૂા.૦.૫૦/- પ્રતિ બોટલ રાખવાનો રહેશે. જે ટેન્ડર ભરનાર બીડર માટે લઘુત્તમ દર (Base Price) રહેશે. ટેન્ડરની અન્ય શરતો સાથે જે બીડર દ્વારા લઘુત્તમ દર (Base Price) થી સૌથી ઉંચા ભાવ રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) ને આપવાની દરખાસ્ત કરવામાં આવશે તેના બીડને મંજૂર કરવાનું રહેશે.

(૬) રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) દ્વારા રિવર્સ વેન્ડિંગ મશીન (RVM) માં જમા કરાવવામાં આવેલ પ્રતિ PET બોટલ પર રાજ્ય સરકાર દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ મારફતે નાણાંકીય સહાય આપવામાં આવશે. જે રકમ ટેન્ડરમાં જણાવવામાં આવશે. આ નાણાંકીય સહાયની રકમ ૫૦૦ મી.લી. અને તેથી વધુ સાઇઝની બોટલ માટે રૂા.૦.૫૦ પ્રતિ બોટલ, અને ૫૦૦ મી.લી.થી ઓછી સાઇઝની બોટલ માટે રૂા.૦.૨૫ પ્રતિ બોટલ રહેશે.

(૭) નિમણૂંક કરેલ એજન્સી દ્વારા ઉપરોક્ત ક્રમાંક (૫) મુજબ ટેન્ડરમાં રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) ને પ્રતિ બોટલ દીઠ આપવાની થતી રકમ (જેમાં ઉપરોક્ત ક્રમાંક (૬) માં દર્શાવ્યા મુજબ સહાયની રકમનો સમાવેશ થઇ જાય છે) રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) એ જમા કરાવેલ PET બોટલ્સ બદલ આપવાની રહેશે. આ કુલ કિંમત મુજબનો એગ્રીમેન્ટ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને એજન્સી વચ્ચે કરવાનો રહેશે.

(૮) રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) તેમના દ્વારા એકત્રિત થયેલ PET બોટલ્સ એજન્સી દ્વારા સ્થાપિત કરેલ રિવર્સ વેન્ડીંગ મશીન (RVM) માં જમા કરાવશે. આ રિવર્સ વેન્ડીંગ મશીન (RVM) અદ્યતન ઇમેજીંગ સેન્સર ટેક્નોલોજી ધરાવતું હોવુ જોઇશે કે જે ૫૦૦ મી.લી. થી ઓછી તથા ૫૦૦ મી.લી. અને તેથી વધુ સાઇઝની PET બોટલ્સને અલગ તારવી શકે. એજન્સી દ્વારા રિવર્સ વેન્ડીંગ મશીન (RVM)નું સોફ્ટવેર ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સર્વરથી લિન્ક કરવાનું રહેશે, જેથી દરરોજ જમા થયેલ PET બોટલ્સની સંખ્યા અને તેની સાંઇઝની વિગત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને નિયમિત મળતી રહે.

(૯) એજન્સી દ્વારા રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) ને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે એગ્રીમેન્ટ મુજબના દરે પ્રત્યેક PET બોટલ દીઠ ચૂકવણું કરવાનું રહેશે.

(૧૦) રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) દ્વારા રિવર્સ વેન્ડિંગ મશીન (RVM)માં જમા કરાવેલ PET બોટલ્સ માટેના નાણાં નીચે જણાવેલ ત્રણમાંથી કોઇ પણ એક પદ્ધતિથી મેળવી શકાશે.

(ક) સીધા બેંક ખાતામાં જમા: PET બોટલ્સ મશીનમાં જમા કરાવે એટલે તરત જ મશીનમાંથી રેગ-પીકર (સ્વચ્છબંધુ) ના બેંક ખાતામાં જમા કરાવવા પાત્ર રકમ, વ્યવહાર ક્રમાંક અને રકમ જમા થવાની અંદાજિત તારીખ વિ. વિગત રેગ-પીકર (સ્વચ્છબંધુ) ના એજન્સી સાથે નોંધાયેલ મોબાઈલ નંબર પર SMS મારફતે પુરી પાડવામાં આવશે. એજન્સી દ્વારા રિવર્સ વેન્ડિંગ મશીન (RVM) ને મોબાઇલ એપથી કનેક્ટ કરવાનું રહેશે, જે એપ રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) ના મોબાઇલ ફોનથી કનેક્ટ કરવાનું રહેશે. એજન્સી દ્વારા મૂકવામાં આવેલ રિવર્સ વેન્ડિંગ મશીન (RVM) તેના સોફ્ટવેર અને એપથી રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) ના મોબાઇલ ફોન અને બેન્ક એકાઉન્ટ સરળતાથી લિન્ક થાય તે માટે એજન્સીએ રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) ને જરૂરી મદદ કરવાની રહેશે અને માર્ગદર્શન પૂરું પાડવાનુ રહેશે. આ વિકલ્પ હેઠળ રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) ની નોંધણી એજન્સીએ કરવાની રહેશે. નોંધણીનું ફોર્મેટ અને પદ્ધતિ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસેથી અગાઉથી મંજૂર કરાવવાની રહેશે. રજીસ્ટર્ડ રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) ની સંપૂર્ણ માહિતી સોફ્ટ કોપી અને હાર્ડ કોપીમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને દર ૧૫ દિવસે આપવાની રહેશે.

(ખ) રોકડા: PET બોટલ્સ મશીનમાં જમા કરાવે એટલે તરત જ મશીનમાંથી રોકડા નાણાંની ચૂંકવણી કરવામાં આવશે.

(ગ) કુપન: PET બોટલ્સ મશીનમાં જમા કરાવે એટલે તરત જ મશીનમાંથી કુપન આપવામાં આવશે. અગાઉથી નક્કી કરેલ સ્થળ અને સમયે આ કુપનને વટાવીને રોકડા નાણાં મેળવી શકાશે. આ માટેનાં સ્થળ એજન્સીએ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજુરી લઈને જાહેર કરવાના રહેશે.

(૧૧) આ યોજનામાં મોટી સંખ્યામાં રેગ-પીકર્સ (સ્વચ્છબંધુ) જોડાય તે માટેના પૂરતા પ્રયત્નો એજન્સીએ કરવાના રહેશે. આ યોજનાનો સુયોગ્ય અમલ કરવા માટે તેના સીસ્ટમના હાર્ડવેર/સોફ્ટવેરની ફૂલપ્રૂફ પદ્ધતિની ખરાઇ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કરવાની રહેશે.

(૧૨) આ યોજનાના અમલીકરણ માટે વિસ્તૃત કાર્યપદ્ધતિ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઘડવામાં આવશે. જે મુજબ યોજનાનું અમલીકરણ કરવાનું રહેશે.

(૧૩) આ યોજના માટેના ખર્ચની જોગવાઈ વર્ષ ૨૦૧૮-૧૯ મા રૂ.૧૩.૬૯ કરોડની જોગવાઈ આકસ્મિક નિધિમાંથી પેશગી મેળવીને કરવામાં આવશે.

સને ૨૦૧૮-૧૯ ના વન અને પર્યાવરણ વિભાગનાં સુધારેલ અંદાજોમાં સંબધિત બાબતે નીચે દર્શાવેલ નવા પેટા સદર હેઠળ જરૂરી જોગવાઈ કરી આકસ્મિક નિધિમાંથી ઉપાડેલ પેશગી સરભર કરવામાં આવશે.

| | |
|---|---|
| મુખ્ય સદર: | ૨૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા |
| પેટા મુખ્ય સદર : | ૦૨ ગટર વ્યવસ્થા અને સ્વચ્છતા |
| ગૌણ સદર : | (૧૦૬) વાયુ અને જળ પ્રદૂષણ અટકાવવું |
| પેટા સદર : | ૦૪ પર્યાવરણ જાળવણી થી સમૃદ્ધિ યોજના<br>(સૂચિત નવુ પેટા સદર) |

આ ઠરાવ સમાનાંકી ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૯/૦૬/૨૦૧૮ ના રોજ મળેલ મંજૂરીથી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રદીપ સિંહ)
સંયુક્ત સચિવ,
વન અને પર્યાવરણ વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ / સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ.

- સચિવાલયના તમામ વિભાગો – આપના વિભાગ હેઠળના તમામ ખાતા/બોર્ડ/ કોર્પોરેશન/ નિગમોને પરિપત્રિત કરવા વિનંતિ.
- તમામ મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- માહિતી કમિશ્નરશ્રી, માહિતી કમિશ્નરશ્રીની કચેરી,
- નાણાં સલાહકારશ્રી, (વન), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી નગરપાલિકાઓ, ગાંધીનગર.
- નિયામકશ્રી (પર્યાવરણ), વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર.
- ગુજરાત ઇન્ફોર્મેટિક્સ લિમિટેડ (GIL), ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
- તમામ પ્રાદેશિક અધિકારીશ્રીઓ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર- મારફત જાણ કરવા સારૂ
- સીસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર – ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતિ સહ.